Corporate Identity Number (CIN) U65910GJ1980SGC003957
Email :-md-gscsc@gujarat.gov.in Website :- www.gscscl.gujarat.gov.in

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

ગુજરાત સરકારનુ સાહસ

રજી.ઓફિસ : સેક્ટર-૧૦/એ," ય"રોડ,નવાસચિવાલયપાસે,ગાંધીનગર) ફોન : ૨૩૨-૨૧૦૩૭-૩૮,ફેક્સ : ૨૩૨-૨૨૭૦૭

"એપ્રેન્ટીસ એક્ટ હેઠળ તાલીમાર્થીની નિમણુંક"

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ રાજ્ય સરકારનું જાહેર સાહસ છે. રાજ્ય સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત NFSA ના લાભાર્થીઓને ઘઉ, ચોખા, ખાંડ, દાળ,તેલ,મીઠું તેમજ વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે PM પોષણ સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આવશ્યક ચીજ વસ્તુઓની પ્રાપ્તિ, ઉપલબ્ધી, સંગ્રહ, જાળવણી તેમજ વિતરણની કામગીરી કરે છે. તદઉપરાંત એમ.એસ.પી અંતર્ગત સરકારશ્રીની સુચના અનુસાર ઘઉ, ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, રાગી જેવી જણસીઓની ટેકાના ભાવે ખરીદી પણ કરે છે. જે યોજનાઓ અંતર્ગત કરવાની થતી કામગીરી/તાલીમ અર્થે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા **નેશનલ એપ્રેન્ટીસ ટ્રેનીંગ સ્કીમ-૨.૦** હેઠળ (લાગુ પડતા સમય માટે) તાલીમ લેવા ઇચ્છુક ઉમેદવારોએ નેશનલ પોર્ટલ **https://nats.education.gov.in** પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવીને ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાય કોર્પોરેશન લીમીટેડ, ગાંધીનગરમાં એપ્લાય કરવા જણાવવામાં આવે છે. આ રીતે કરાયેલ અરજી જ માન્ય ગણાશે. (અરજી કરવાની આખરી મુદ્દત જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન-૧૫ સુધીની રહેશે.)

ક્રમ	કેટેગરી	લઘુતમ શૈક્ષણિક લાયકાત	જગ્યાની સંખ્યા	તાલીમના સ્થળની વિગત	સ્ટાઈપન્ડ
૧	ઓફિસ આસીસ્ટન્ટ	કોઈપણ સ્નાતક	૫૦	(૩૫-જિલ્લા કચેરી + ૧૫-ગાંધીનગર વડી કચેરી)	૧૮૦૦૦ (૧૧૮૫૦ નિગમ +૬૧૫૦ ભારત સરકાર)
૨	કોમ્પ્યુટર ઓપરેટર	Diploma (in Computer science / Computer Application)	૩૮	(૩૫-જિલ્લા કચેરી + ૩- ગાંધીનગર વડી કચેરી)	૧૫૦૦૦ (૯૫૫૦ નિગમ +૫૪૫૦ ભારત સરકાર)
3	ઈલેક્ટ્રીશીયન, વાયરમેન	Diploma (in ELECTRICAL ENGINEERING)	૭	(૧-વડી કચેરી, ૧-અમદાવાદ, ૧-વડોદરા, ૧-સુરત, ૧-રાજકોટ, ૧-ભાવનગર, ૧-બનાસકાંઠા)	૧૫૦૦૦ (૯૫૫૦ નિગમ +૫૪૫૦ ભારત સરકાર)
	કુલ		૯૫		

- વયમર્યાદા ૧૮ થી ૨૫ વર્ષ સુધી. એપ્રેન્ટીસ તાલીમનો સમયગાળો ૧-વર્ષ (૧૨-માસ)નો રહેશે.
- અગાઉ એપ્રેન્ટીસશીપ તરીકે જોડાયેલ હોય, તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં. તેમજ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પાસ આઉટ ઉમેદવારોએ જ અરજી કરવી.
- એપ્રેન્ટીસ એકટની જોગવાઈ અન્વયે પસંદગી પામેલ ઉમેદવાર જો કોઈ કારણોસર ઓન-લાઈન પોર્ટલ પર કરવામાં નિષ્ફળ જશે તો ઉમેદવારી આપોઆપ રદ્દબાતલ ગણાશે.
- પસંદગી પ્રક્રિયા: જે-તે જિલ્લામાંથી મળેલ અરજીઓના શૈક્ષણિક ગુણના આધારે (Merit Based) રહેશે. (નિગમના મેનેજમેન્ટનો નિર્ણય આખરી ગણાશે.)
- ભારત સરકાર દ્વારા ચુકવવામાં આવતા સ્ટાઈપન્ડ સરકારશ્રીની વખતો-વખતની સુચનાઓને આધીન રહેશે.

તારીખ: 15.10.2026
સ્થળ: ગાંધીનગર

(માહિતી/૧૫૬૫/૨૦૨૬-૨૭)

જનરલ મેનેજર(પર્સોનલ)

Downloaded from websankul.com